Extra No. 202

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ]    FRIDAY, JUNE 20, 2025 / JYAISTHA 30, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહિવટ વિભાગના તારીખઃ ૧૯મી એપ્રિલ, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએસ/૭/૨૦૨૫/જીએડી/એમએસએમ/ઇ-ફાઇલ/૧/૨૦૨૪/૫૩૨૬/એસ.- નો ગુજરાતી અનુવાદ આથી ગુજરાત ગેઝેટ (રાજપત્ર) અસાધારણ, ભાગ-૯માં સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. સોલંકી,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**the Research Assistant, Class III, in the Directorate of Economics and Statistics, Recruitment Rules, 2025**

**અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં સંશોધન મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી**

**જાહેરનામું**

**સામાન્ય વહીવટ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૨૦૨૫

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીએસ/૭/૨૦૨૫/જીએડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧/૨૦૨૪/૫૩૨૬/એસ:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં સંશોધન મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા પરની નિમણૂક, જેણે,-

(૧) (ક) (૧) અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં આંકડા મદદનીશ, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

-તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭-માં ઠરાવ્યા પ્રમાણે બઢતી માટે યોગ્ય ગણાવા માટેના વિચારણાના ક્ષેત્રની અંદર, "સારા" નો આધાર-ચિહ્ન ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો ૨:૩ ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ ૨-ના પેટા-નિયમ (ખ)માં જણાવેલ જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) મુખ્ય વિષય તરીકે આંકડાશાસ્ત્ર અથવા પ્રયોજિત આંકડાશાસ્ત્ર અથવા ગાણિતિક આંકડાશાસ્ત્ર અથવા વ્યાવસાયિક આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા પ્રયોજિત અર્થશાસ્ત્ર અથવા વ્યાવસાયિક અર્થશાસ્ત્ર અથવા અર્થમિતિ (ઇકોનોમેટ્રિક્સ) અથવા ગણિતશાસ્ત્ર અથવા પ્રયોજિત ગણિતશાસ્ત્ર અથવા અદ્યતન (એડવાન્સ) આંકડાશાસ્ત્ર સાથે ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી અનુસ્નાતકની પદવી અથવા સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-ક ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારને લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**માયા એમ. ડાભી,**

સરકારના નાયબ સચિવ.

-----------



Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.06.30 13:16:27 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar